1. વસ્તીગીચતા પર અસર કરતાં સામાજિકધાર્મિક અને રાજકીય પરિબળો ચર્ચો. (March 18, July 18)

- માનવ વસ્તીગીચતા પર અસર કરતાં પરિબળો આ પ્રમાણે છે : (1) ભૌગોલિક પરિબળો (2) આર્થિક પરિબળો, (3) સામાજિક ધાર્મિક પરિબળો અને (4) રાજકીય પરિબળો.
- સામાજિકધાર્મિક પરિબળો : સામાજિક રિવાજો, સંયુક્ત પરિવાર, બહુપત્નીપ્રથા વગેરે વસ્તીગીચતા પર અસર કરે છે. ધાર્મિક કારણોથી પણ કેટલાક માનવસમુદાયો એક પ્રદેશને છોડી બીજા પ્રદેશમાં સ્થળાંતરણ કરે છે, તેની પણ વસ્તીગીચતા પર. અસર થાય છે. 21મી સદીના બીજા દશકામાં તાલિબાની શાસનથી ત્રસ્ત ધાર્મિક લઘુમતીઓએ સ્થળાંતરણ કર્યું. જે દેશોમાં આશરો લીધો ત્યાંની વસ્તીગચતામાં વધારો થયો.
- રાજકીય પરિબળો : કેન્યા અને યુગાન્ડામાં શાસન પલટો થતાં હજારો એશિયનો નિવસિત તરીકે યુ. કે. અને અન્ય દેશોમાં સ્થળાંતરણ કર્યું, જેની અસર વસ્તીગીચતા પર થઈ. રાજકીય અરાજકતા કે ગૃહયુદ્ધની સ્થિતિમાં પણ વસ્તીનું સ્થળાંતરણ થાય છે, જેની અસર વસ્તીગીચતા પર થાય છે. ઘણી વાર કેટલાક દેશોનું વિભાજન થાય છે, ત્યારે વસ્તીનું મોટા પાયે સ્થળાંતરણ થતાં વસ્તીગીચતા અસર પામે છે.

2. ભારતની વસ્તીનીતિમાં સમાવિષ્ટ બાબતો જણાવો.

- 15મી જાન્યુઆરી, 2010ના રોજ કેન્દ્ર સરકારે વસ્તીનીતિની જાહેરાત કરી, તેમાં સમાવિષ્ટ બાબતો નીચે પ્રમાણે છે : લોકસભાની બેઠકોની સંખ્યા 543ને 2026 સુધી જાળવી રાખવી. નવજાત શિશુઓમાં મૃત્યુદર હજારે 30 સુધી નીચે લઈ જવો. છોકરીઓની લઘુતમ લગ્નવય 18 વર્ષથી વધારી ઉપર લઈ જવી. રસીકરણનો વ્યાપ વધારવો. સલામત ગર્ભપાતની સુવિધાઓ વિસ્તારવી, બાળલગ્ન પ્રતિબંધ ધારાનો સખતાઈપૂર્વક અમલ કરાવવો.

3. ભારતમાં ગ્રામીણ વસ્તી અને શહેરી વસ્તીનું માળખું સમજાવો.

- ગ્રામીણ વસ્તી : ભારતદેશ મુખ્યત્વે ગામડાનો બનેલો દેશ છે. દેશની કુલ વસ્તીના 68,84 % ગામડાંમાં અને 31.16 % વસ્તી શહેરોમાં વસે છે. સૌથી વધુ ગ્રામ્ય વસ્તી 90.21 % હિમાચલ પ્રદેશમાં છે. બિહાર અને અસમમાં પણ ગ્રામ્ય વસ્તીનું પ્રમાણ વિશેષ છે. ગોવા, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં ગ્રામ્ય વસ્તીનું પ્રમાણ રાષ્ટ્રીય સેરરાશ કરતાં 72.21, %થી ઓછું છે.
- શહેરી વસ્તી : છેલ્લી સદી દરમિયાન શહેરીકરણનો દર 11 ગણો વધ્યો છે. શહેરી વસ્તીમાં ગોવા 62.17 % પ્રથમ અને મિઝોરમ 51.51 % સાથે બીજા ક્રમે છે.
- મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, કર્ણાટક, પંજાબ, હરિયાણા વગેરે રાજ્યોમાં શહેરી વસ્તીનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે, જ્યારે હિમાચલ પ્રદેશ, અસમ, બિહાર, ઉત્તરાખંડ, ત્રિપુરા, રાજસ્થાન વગેરે રાજ્યોમાં શહેરી વસ્તી રાષ્ટ્રીય સરેરાશ 27.82 %થી ઓછી છે.

4. ટૂંક નોંધ લખો : ભારતમાં સાક્ષરતા

- સાક્ષરતાના આધારે દેશની વસ્તીની ગુણવત્તા નક્કી થાય છે. દેશનો આર્થિક વિકાસ, જીવનધોરણ, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો , શૈક્ષણિક સગવડો, સરકારી નીતિ વગેરે પરિબળો સાક્ષરતા પર અસર કરે છે. સાક્ષરતાનો આંક પ્રગતિનો સૂચક છે. તે માનવવિકાસ અને જીવનની ગુણવત્તાનો સૂચકાંક છે. ભારતની સાક્ષરતાનો દર

74,04 % છે. હાલ પુરુષોની સાક્ષરતાનો દર 82, 14 % અને મહિલાઓનો સાક્ષરતા દર 65.46 % છે. સાધારતાના પ્રમાણમાં કેરલ 94 % સૌથી વધુ અને બિહાર 61.8 % સાથે સૌથી ઓછી સાક્ષરતા ધરાવે છે. દેશનાં 16 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોમાં સાક્ષરતાનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે.

- દેશમાં સાક્ષરતાનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે. દેશમાં સાક્ષરતા આંક શહેરી વિસ્તારો, ગ્રામીણ ક્ષેત્રો, જુદાં જુદાં સામાજિક અને ધાર્મિક જૂથોમાં ભિન્ન ભિન્ન છે. દેશની લોકશાહી માટે સાક્ષરતા નિર્ણાયક પરિબળ છે.